# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-03-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી રોજગાર પર અંદાજપત્ર બાદના વેબિનારમાં ભાગ લેશે.

2) પંચાયતી રાજ મંત્રાલય આજે નવી દિલ્હીમાં એક રાષ્ટ્રીય સંમેલનમાં મહિલાઓની મૈત્રીપૂર્ણ ગ્રામ પંચાયત મૉડલનો પ્રારંભ કરશે.

3) કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે વિદ્યાર્થીઓને કામ પર ધ્યાન કેન્દ્રિત કરવા અને લક્ષ્ય પ્રત્યે પ્રતિબદ્ધ રહેવા આગ્રહ કર્યો.

4) કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રૂડોએ જાહેરાત કરી કે, કેનેડા અમેરિકા દ્વારા શરૂ કરાયેલા વેપાર યુદ્ધથી પીછેહઠ નહીં કરે.

5) ICC ચૅમ્પિયન્સ ટ્રૉફીમાં ઑસ્ટ્રેલિયાને હરાવી ભારતીય ટીમ ફાઈનલમાં પહોંચી.

..........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM WEBINAR EMPLOYMENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી રોજગાર પર અંદાજપત્ર બાદના વૅબિનારમાં ભાગ લેશે. વૅબિનારના મુખ્ય વિષયોમાં રોકાણ, અર્થવ્યવસ્થા અને નવીનતા સામેલ છે. આ પ્રસંગે પ્રધાનમંત્રી લોકોને સંબોધિત પણ કરશે.

પ્રધાનમંત્રીના દ્રષ્ટિકોણથી પ્રેરણા લઈને સરકારે રોજગારમાં વૃદ્ધિ કરવા અને રોજગારની વધુ તકનું સર્જન કરવા અનેક પગલાં લીધા છે. આ વૅબિનાર સરકાર, ઉદ્યોગ, શિક્ષણવિદો અને લોકો વચ્ચે સહકાર વધારશે. તેમ જ પરિવર્તનલક્ષી અંદાજપત્ર જાહેરાતોને અસરકારક પરિણામમાં ફેરવવા માટેની ચર્ચાઓને પ્રોત્સાહિત કરશે.

વૅબિનારમાં વિચાર-વિમર્શનો ઉદ્દેશ ટકાઉ અને સમાવેશક વિકાસનો માર્ગ મોકળો કરવાનો, ટેક્નોલૉજી અને અન્ય ક્ષેત્રોમાં નેતૃત્વ તથા વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યાંકને સાકાર કરવાની દિશામાં કામ કરનારા કુશલ અને સ્વસ્થ કાર્યબળનું નિર્માણ કરવાનો છે.

# GRAM PANCHAYAT WOMEN

પંચાયતી રાજ મંત્રાલય આજે નવી દિલ્હીમાં એક રાષ્ટ્રીય સંમેલનમાં મહિલાઓની મૈત્રીપૂર્ણ ગ્રામ પંચાયત મૉડલનો પ્રારંભ કરશે. આ પહેલ મંત્રાલયના આંતર-રાષ્ટ્રીય મહિલા દિવસ 2025 સમારોહનો એક હિસ્સો છે. પહેલનો મુખ્ય ઉદ્દેશ દરેક જિલ્લામાં ઓછામાં ઓછી એક મહિલા, અનુકુળ ગ્રામ પંચાયત સ્થાપિત કરવાનો છે.

કાર્યક્રમમાં પંચાયતીરાજ રાજ્યમંત્રી એસ. પી. સિંહ બઘેલ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલ તથા વિવિધ મંત્રાલયો, વિભાગો અને સંયુક્ત રાષ્ટ્ર વસતિ ભંડોળ જેવા આંતર-રાષ્ટ્રીય સંગઠનોના પ્રતિનિધિઓ ભાગ લેશે.

# VAISHNAV IIMC

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે વિદ્યાર્થીઓને પોતાના કામ પર ધ્યાન કેન્દ્રિત કરવા અને લક્ષ્ય પ્રત્યે પ્રતિબદ્ધ રહેવા આગ્રહ કર્યો છે. શ્રી વૈષ્ણવે ગઈકાલે નવી દિલ્હીમાં- IIMCના 56-મા પદવીદાન સમારોહને સંબોધિત કરતા કહ્યું, માધ્યમોની દુનિયા બદલાઈ રહી છે. તેમણે વિદ્યાર્થીઓને હંમેશા રાષ્ટ્ર પ્રથમ સ્થાને રાખવા પણ અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત શ્રી વૈષ્ણવે IIMCને અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ એક વૈશ્વિક સ્તરની સંસ્થા બનાવવાની પણ વાત કહી હતી.

## (BYTE: ASHWINI-VAISHNAW)

સ્નાતકની પદવી મેળવનારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા શ્રી વૈષ્ણવે કહ્યું, IIMCમાં ટૂંક સમયમાં વૈશ્વિક સ્તરના અભ્યાસક્રમ અને માધ્યમ ઉદ્યોગની સાથે સશક્ત સહકાર પણ લાગૂ થશે.

# VAISHNAW BELGIUM

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે ગઈકાલે નવી દિલ્હીમાં બેલ્જિમયમનાં રાજકુમારી એસ્ટ્રીડના નેતૃત્વમાં બેલ્જિયમના પ્રતિનિધિમંડળ સાથે મુલાકાત કરી. દરમિયાન તેમણે સ્વચ્છ પ્રૌદ્યોગિકી, સંરક્ષણ અને ઇલેક્ટ્રોનિક્સ સહિત અન્ય ક્ષેત્રમાં સહયોગ પર ચર્ચા કરી હતી.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી વૈષ્ણવે કહ્યું, બેઠક દરમિયાન તેમણે ગ્રામીણ ક્ષેત્રમાં સમાવેશક વિકાસને પ્રોત્સાહન આપનારા U.P.I.ના પરિવર્તનલક્ષી અસરનો પણ ઉલ્લેખ કર્યો હતો.

# CANADA TRADE TARIFFS

કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રૂડોએ જાહેરાત કરી કે, કેનેડા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ દ્વારા શરૂ કરાયેલા વેપાર યુદ્ધથી પીછેહઠ નહીં કરે. પત્રકાર પરિષદને સંબોધતા શ્રી ટ્રૂડોએ ટેરિફના વાજબીપણાને નકારી કાઢ્યા અને તેને નજીકના સહયોગી તરફથી કેનેડા સામેનું વેપાર યુદ્ધ ગણાવ્યું. કૅનેડાએ અમેરિકાની વસ્તુઓ પર શરૂઆતમાં 30 અબજ કેનેડિયન ડૉલરની જકાત લગાવી છે. આ સાથે જ 21 દિવસમાં 125 અબજ કેનેડિયન ડૉલર હજી વધારવાનો વાયદો કર્યો છે. તેમણે ચેતવણી આપી કે, અમેરિકા ટૂંક સમયમાં તેની અસરનો અનુભવ કરશે.

# REV.US TARIFF-EFFECTS

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના ત્રણ સૌથી મોટા વેપારી ભાગીદારો સામે વેપાર યુદ્ધ શરૂ કર્યું છે. અમેરિકા દ્વારા કરાયેલા ટેરિફના અમલ બાદ મેક્સિકો, કેનેડા અને ચીન તરફથી તાત્કાલિક જવાબી કાર્યવાહી કરવામાં આવી. ગઈ મધ્યરાત્રિ પછી, ટ્રમ્પે મેક્સીકન અને કેનેડિયન આયાત પર 25 ટકાનો કર લાદ્યો, જોકે, તેમણે કેનેડિયન ઊર્જા પર આ કર 10 ટકા સુધી મર્યાદિત કરી દીધા. ટ્રમ્પે ગયા મહિને ચીનના ઉત્પાદનો પર લાદવામાં આવેલ ટેરિફ બમણો કરીને 20 ટકા કર્યો.

કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડોએ એક પત્રકાર પરિષદમાં બોલતા ટેરિફ માટે યુએસના સમર્થનને નકારી કાઢ્યું. તેમણે કહ્યું, કેનેડા 21 દિવસ દરમિયાન 100 અબજ ડોલરથી વધુના અમેરિકન માલ પર ટેરિફ લાદશે. બાદમાં, યુએસ વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિકે જણાવ્યું કે, ટેરિફ યથાવત રહેશે, પરંતુ શ્રી ટ્રમ્પ સમાધાન કરશે.

મેક્સીકન રાષ્ટ્રપ્રમુખ ક્લાઉડિયા શેનબૌમે કહ્યું, મેક્સિકો નવા કરનો જવાબ પોતાના જ ટેરિફ સાથે આપશે. ચીને પણ જવાબી કાર્યવાહી કરીને અમેરિકાથી થતી ચોક્કસ કૃષિ આયાત પર 10 ટકાથી 15 ટકા ટેરિફ લાદ્યો હતો. ટ્રમ્પની જાહેરાત બાદ અમેરિકન શેર બજાર ગગડ્યું હતું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી

શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

# TRUMP ZELENSKYY

યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ ગયા શુક્રવારે વ્હાઈટ હાઉસમાં થયેલી બેઠક બાદ કાયમી શાન્તિ સુનિશ્ચિત કરવા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વમાં કામ કરવાની ઈચ્છા દર્શાવી છે. તેમણે કહ્યું, તેઓ શાન્તિ સ્થાપિત કરવા માટે શ્રી ટ્રમ્પના નેતૃત્વમાં કામ કરવા તૈયાર છે.

અમેરિકા દ્વારા યુક્રેનને સૈન્ય મદદ બંધ કરાયા બાદ પોતાની પહેલી ટિપ્પણીમાં શ્રી ઝેલેન્સ્કીએ કહ્યું, યુક્રેન શાન્તિ, સમજૂતી અને ખનિજ સમજૂતી પર વાતચીત માટે તૈયાર છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી ઝેલેન્સ્કીએ શ્રી ટ્રમ્પ સાથે થયેલી છેલ્લી બેઠક ખેદજનક ગણાવી અને રચનાત્મક ભવિષ્ય માટે સહકારનું આહ્વાન કર્યું.

# ICC CRICKET

ભારતીય ટીમ આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ટૂર્નામેન્ટની ફાઈનલમાં પહોંચી ગઈ છે. દુબઈમાં ગઈકાલે રમાયેલી પહેલી સેમિ-ફાઈનલ મેચમાં ભારતીય ટીમે ઑસ્ટ્રેલિયાને ચાર વિકેટથી હરાવી ફાઈનલમાં સ્થાન બનાવ્યું છે.

ઑસ્ટ્રેલિયાની ટીમે ભારતને જીતવા 265 રનનો લક્ષ્યાંક આપ્યો હતો, જવાબમાં ભારતીય ટીમે 48 ઑવર એક બૉલમાં 6 વિકેટે 267 રન બનાવી મૅચ જીતી લીધી હતી.

વિરાટ કોહલીએ સૌથી વધુ 84 રન બનાવ્યા અને તેમને પ્લેયર ઑફ ધ મૅચ પણ જાહેર કરાયા હતા. જ્યારે શ્રેયસ અય્યરે 45 અને કે. એલ. રાહુલે 42 રન બનાવ્યા. ઑસ્ટ્રેલિયા માટે નાથન એલિસ અને એડમ જમ્પાએ 2-2 વિકેટ લીધી હતી. ભારત તરફથી મોહમ્મદ શામીએ સૌથી વધુ ત્રણ વિકેટ લીધી. જ્યારે વરૂણ ચક્રવર્તી અને રવિન્દ્ર જાડેજાએ બે-બે વિકેટ લીધી હતી.

હવે આજે બીજી સેમિ-ફાઈનલ ન્યૂ ઝિલૅન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પાકિસ્તાનના લાહોરમાં રમાશે.

<u>અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા</u>

આજના અખબારોના મુખ્ય સમાચાર પર નજર કરીએ તો

- ગુજરાત સમાચારે ચીને અમેરિકા પર 15 ટકા ટેરિફ ઝીંક્યો 25 અમેરિકન કંપનીઓ પર પણ પ્રતિબંધની હેડલાઇન્સ બનાવી છે.
- સંદેશે પણ આજ સમાચાર જેવા સાથે તેવાઃયુએસ પર ચીને પંદર ટકા ટેરિફ લાદ્યો ના સમાચાર પ્રકાશિત કર્યા છે. જ્યારે દિવ્ય ભાસ્કર અને ફૂલછાબ દૈનિકે પણ આ જ સમાચારને મહત્વ આપ્યું છે.
- નવગુજરાત સમયે ભારતે ઓસ્ટ્રેલિયા સામે બદલો લીધો- વટથી ફાઇનલમાં પ્રવેશની સમાચાર પહેલા પેજ ઉપર છાપ્યાં છે.
- આ ઉપરાંત મોટાભાગના અખબારોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વનતારાની મુલાકાતની તસવીરો પહેલા પેજ ઉપર પ્રસિધ્ધ કરી છે.
- મહારાષ્ટ્રમાં એનસીપીના મંત્રીનું રાજીનામું, ખેડૂતો આંદોલન તેમજ સુપ્રિમ કોર્ટના દોષિતે નેતાઓને ચૂંટણી લડવા અંગેના નિર્દેશોના સમાચાર પણ અખબારોએ પહેલા પ્રસિધ્ધ કર્યા છે.
- જ્યારે રાજ્ય અને સ્થાનિક સમાચારમાં યુસીસીની બેઠક, ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં 286 સિંગ અને 456 દિપડાના મોત તેમજ ગુજરાત કોંગ્રેસની રાહુલ ગાંધીની ઉપસ્થિતિમાં યોજાનારી બેઠક અંગેના અહેવાલ પણ તમામ અખબારોના છેલ્લા પેજ ઉપર જોવા મળી રહ્યાં છે.